**Press Note**

સાર્વજનિક કોલેજ ઓફ ફિઝિયોથેરાપીમાં સ્ટાર્ટઅપ–ઇનોવેશન કાર્યક્રમ યોજાયો.

સુરત : દેશના ડેવેલોપમેન્ટ માટે અલગ અલગ સમસ્યાઓ પર કામ કરી રહેલા સ્ટાર્ટઅપને પ્રોત્સાહિત કરવા, અને વિધાર્થીઓને સ્ટાર્ટઅપ પ્રત્યે જાગૃતિ લાવવા અને દક્ષિણ ગુજરાત રિજિયનમાં સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ વિકસાવવા માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા સંચાલિત VNSGU ઇન્કયુબેશનસેન્ટર દ્વારા સ્ટાર્ટઅપ યાત્રાનું આયોજન સાર્વજનિક કોલેજ ઓફ ફિઝિયોથેરાપીમાં કરવામાં આવ્યું હતું. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા અને સાર્વજનિક કોલેજ ઓફ ફિઝિયોથેરાપીના આચાર્યશ્રી ડૉ. રાજીવ ડી. લીંબાસિયના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ સેશનમાં સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પોલિસી વિશે માહિતી આપવામાં આવી.જેમાં વિધાર્થીઓને ઇનોવેટિવ આઇડીયાને કેવી રીતે સ્ટાર્ટઆપમાં તબદીલ કરવું તેમજ તેના માટે ફંડિંગ(ગ્રાન્ટ) કેવી રીતે મેળવી શકાય તેની માહિતી યુનિવર્સિટીના શ્રીમતી સિદ્ધિ પટેલ અને તેમની ટીમ દ્વારા આપવામાં આવી હતી.આ સમગ્ર કાર્યક્રમમાં ફિઝિયોથેરાપીના કુલ 100 વિધાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં વિધાર્થીઓ દ્વારા ઇનોવેટિવ આઇડિયા આગળ આવ્યા હતા. આ સમગ્ર ઈવેન્ટ દરમ્યાન કોલેજ ના અધ્યાપકો અને વિધાર્થીઓ તરફથી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની ટીમ ને ખૂબ જ સારો સાથ અને સહકાર મળ્યો હતો.